હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બહેન તમે કહો છો કે ડબલ શ્વાસુને કારણે મને આવુ થયુ તો... બહેન આ ડબલ શ્વાસુ તો કાયમ રહે એવુ લાગે છે તો મારૂ શું થશે...!!

ચાલતા જતા નાગરીકોના મોબાઈલ ઝુંટવી જતી ટોળકી ઝડપાઈ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરમાં જાહેર માર્ગો પર તેમજ સેકટરના આંતરીક માર્ગો પર મોબાઈલ પર વાતચીત કરતા હોય તેની નજીક બાઈક લઈ જઈ મોબાઈલ ઝુંટવી લેતી ટોળકીને સેકટર-૭ પોલીસની સર્વેલન્સની ટીમે દબોચી લીધી છે. પોલીસે ટોળકી પાસેથી મોબાઈલ નંગ-૬ કિં.૭૯ હજાર તેમજ બાઈક મળી કુલ રૂ.૧.૧૯ લાખના મુદ્દામાલ સાથે ૬ શખ્સોની ધરપકડ કરી આગળની તપાસ તેજ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરમાં મોબાઈલ પર વાતચીત કરતા ચાલીને જઈ રહેલા નાગરીકોના હાથમાંથી મોબાઈલ ઝુંટવી બાઈક પર નાસી જનાર ટોળકીએ હાહાકાર મચાવ્યો હતો. જેથી સેકટર-૭ પોલીસની સર્વેલન્સ ટીમ પીએસઆઈ એચ.એ.સોલંકી ટીમના સભ્યો સાથે પેટ્રોલીંગમાં હતા તે સમયે બાતમી મળી હતી કે સેકટર-૧૫ કોલેજની સામે માર્ગ પર ૬ શખ્સ શંકાસ્પદ રીતે મોબાઈલ વેચવાની તૈયારીમાં ઉભા છે.જેથી ટીમના સભ્યોએ તમામ શખ્સને ઉપાડી લીધા હતા. તેઓની અંગજડતી દરમિયાન ૬ જેટલા મોબાઈળ મળી આવ્યા હતા.મોબાઈલ અંગે તેઓની પુછપરછ કરતા તેઓ યોગ્ય જવાબ આપી શક્યા ન હતા. જેથી પોલીસે ઉંડાણપૂર્વક તપાસ કરતા તેઓએ કબુલાત કરી હતી. ગત તા.૧૬ મી માર્ચની રાત્રે ગ-૩ થી ઘ-૩ સર્કલ તરફ એકટીવા સવાર યુવતિનો મોબાઈલ ઝુંટવી લીધો હતો. પથિકાશ્રમ સર્કલ રોડ પર એક મહિલાનો મોબાઈલ ક-૭ થી ખ-૭ સર્કલની વચ્ચે રેલ્વે ફાટક નજીક એક કાકાનો મોબાઈલ હાથમાંથી ઝુંટવી બાઈક પર નાસી જતા હતા. જયારે રોનક ઉર્ફે રવિએ ગાંધીનગર સિવિલમાંથી દર્દીના બેડમાંથી મોબાઈલની ચોરી કર્યાની કબુલાત કરી છે. શહેરના વિવિધ માર્ગો પર મોબાઈલ ઝુંટવી નાસી જતા હતા. પોલીસે તમામને પકડી પાડી આગળની તપાસ હાથ ધરી છે.

આરોપીઓના નામ -સરનામા

- સાગર ઉર્ફે અંકો દિનેશજી ઠાકોર, (ઉં.૨૧, રહે-બળીયાદેવ મંદિર પાસે માલવણ વાસ માણસા તા.માણસા.જી.ગાંધીનગર)
- મિતેષ ઉર્ફે મીતો પ્રકાશભાઈ લખવારા (ઉં.૧૯, રહે, મસ્જીદ ચોકની પાછળ વાડીવાળો વાસ માણસા જી.ગાંધીનગર)
- સેધાજી પ્રહલાદજી ઠાકોર (ઉં.૨૧, રહે, મસ્જીદ ચોકની પાછળ વાડીવાળો વાસ માણસા જી.ગાંધીનગર)
- રોનક ઉર્ફે રવિ મુકેશ મોવડીયા (પરમાર) (ઉં.૨૨, રહે, પાંજરાપોળ પાસે રોહિતવાસ માણસા જી.ગાંધીનગર)
- રવિ ઉર્ફે ડલ્લર વિનોદભાઈ ઠાકોર (ઉં.૨૩, રહે.ઉમેદપુરા ઠાકોરવાસ, માણસા, જી.ગાંધીનગર)
- દક્ષ ઉર્ફે ચિન્ટુ ચંદનસિંહ દરબાર (લકુમ)(ઉં.૧૮, રહે.સજજનપુરા,માણસા, જી. ગાંધીનગર)

જયારે પોલીસે મોબાઈલ ફોન નંગ-૬, બાઈક નં.જી.જે.૧૮.ડી.એન.-૩૭૫૫) મળી કુલ રૂ.૧.૧૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે

ખૂણેખાંચરેથી

- શહેરમાં આજે આખો દિવસ આકાશ વાદળછાયુ રહેતાં નગરજનો ઉકળાટ અનુભવતા હતા.
- ગાંધીનર જિલ્લાની કચેરીઓ પરીક્ષાની તૈયારીને લઈ આજે પણ ધમધમતી રહી હતી.
- ગાંધીનગર શહેરમાં અકસ્માતોનુ પ્રમાણ ઘટે તે માટે આંતરિક માર્ગો પર પણ સાઈનેજ બોર્ડ લગાવવામાં આવી રહ્યા છે.
- ગાંધીનગર શહેરના સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં જે ડેવલપમેન્ટ થયુ છે ત્યાં તેમજ ગ્રામ્ય વિસ્તારમાં સ્ટ્રીટલાઈટોના પ્રશ્નો વધ્યા છે.
- ગાંધીનગરના પેથાપુરમાં સામાન્ય બાબતે ઝઘડો કરી અદાવત રાખી બે શખ્સે યુવાનને ધમકી આપ્યાની ઘટના નોંધાઈ છે.
- ચિલોડા પોલીસ સ્ટેશનમાં વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણીને લઈ હેલ્થ ચેક-અપ કેમ્પનું આયોજન કરાયું.
- કલોલમાં મહિલાની થેલી ફાડી ગઠિયો રોકડ રકમ ચોરી પલાયન થયાની ઘટના નોંધાઈ છે.
- કલોલના વાંસજડા ગામે અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી બે શખ્સોનો દંપત્તિ પર હુમલો.
- મોટા ચિલોડા ખાતે શ્રી બહુચરમાતાજીના મંદિરે ૧૮મો પાટોત્સવ ઉજવાયો.
- ઓમ લેન્ડમાર્ક સ્કૂલમાં હનુમાન જયંતિની ઉજવણી કરાઈ.
- ગાંધીનગરના મહુન્દ્રા ગામવાસીઓએ એસ.ટી. બસની સુવિધા આપવા માંગ કરી છે.
- ગાંધીનગરના છાલા ગામે બે ભાઈઓ વચ્ચે બાઈકના હપ્તા ભરવા માટે બબાલ થયાની ઘટના નોંધાઈ છે.
- ગાંધીનગર એસ.ટી. ડેપો દ્વારા પરીક્ષાને લઈ ૩૦ જેટલી ટ્રીપો ખાસ દોડાવવાનું આયોજન કરાયુ છે.
- શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડિંડોરે તાજેતરમાં નવી શિક્ષણનીતિને લઈ ભાજપના મિડિયા સેલ સાથે ખાસ બેઠક યોજી હતી.
- ગાંધીનગર તાલુકા કોંગ્રેસ સમિતિની કારોબારી બેઠક ૧૦મીએ ગલુદણ ખાતે યોજાશે.
- સે. ૨૭ શીવશક્તિ સોસાયટી ખાતે ઈચ્છાપૂર્તિ હનુમાન મંદિરે સુંદરકાંડનો પાઠ યોજાયો હતો.
- જાખોરા ખાતે માર્રૂત યજ્ઞનું આયોજન કરાયુ હતુ.
- નારદીપુર વિદ્યાપીઠના સ્થાપક સ્વ. નટવરલાલ પંડિતની પુણ્યતિથી નિમિત્તે શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ યોજાયો હતો.

બાઈકના હપ્તા બેંકમાંથી કપાતા મોટાભાઈએ ઠપકો આપતા

નાનાભાઈએ મોટાભાઈને દંડો મારી હાથ ભાંગી નાંખ્યો

ગાંધીનગર,તા.૭

ગાંધીનગરના છાલા ગામે સાંજના સમયે મોટાભાઈના ખાતામાંથી નાનાભાઈના બાઈકના હપ્તા કપાતા હોવાથી તેઓએ ઠપકો આપ્યો હતો. જેથી નાનાભાઈએ ઉશ્કેરાઈ જઈને મોટાભાઈના હાથે દંડો મારી હાથ ભાંગી નાંખતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના છાલા ગામમાં બાબુભાઈ ઉર્ફે પંકજભાઈ દેવીપુજક પરીવાર સાથે રહે છે. તેઓ ગામમાં મોબાઈલ રીપેરીંગની દુકાન ભાડેથી રાખી વેપાર કરી ગુજરાન ચલાવે છે. પરિવારમાં બે બાઈ તેમજ ત્રણ બહેનો છે. જયારે નાનો ભાઈ કિશન તેમની બાજુમાં રહે છે. ગઈકાલે સાંજના સમયે તેઓ મોબાઈલની દુકાન પર હાજર હતા. તે સમયે તેમના પત્નીનો ફોન આવ્યો હતો અને કહ્યું કે દિયર કિશનભાઈ બોલાચાલી ઝઘડો કરે છે જેથી તમે ઘરે આવો, તેમ કહેતા બાબુભાઈ દુકાનથી ઘરે ગયા હતા.ત્યાં જઈને જોયુ તો કિશન તેના ભાભીને ગાળો બોલી રહ્યો હતો. જેથી બાબુભાઈએ તેઓની પત્નીને કેમ ગાળો બોલે છે તેમ પુછતા જણાવ્યું હતુ કે તમોએ કિશનભાઈને બાઈક લઈ આપ્યું છે,તે બાઈકના હપ્તા તેઓ ભરતા નથી, જેથી તમારા ખાતામાંથી બાઈકના હપ્તા કપાતા હોવાથી તેઓને હપ્તા અંગે અગાઉ વાત કરી હતી. જેથી કિશનભાઈ હપ્તાના રૂપીયા હું નહી ભરુ તેમ કહીને ગાળાગાળી કરે છે. બાબુભાઈએ કિશનને ગાળો બોલવાની ના પાડતા તે ઉશ્કેરાઈ ગયો હતો. બાબુભાઈ તેમજ તેમના પત્નીને ગડદાપાટુનો માર માર્યો હતો.જયારે બાજુમાં પડેલ લાકડાનો ધોકો હાથમાં મારતા હાથ ભાગી નાંખ્યો હતો. ઝઘડાને પગલે હોહા થતા તેના પિતાજી તેમજ અન્ય વ્યકિતઓએ છોડાવ્યો હતો. જયારે બાબુભાઈને સારવાર માટે લઈ જતા હાથે ફ્રેકચરનું નિદાન થયું હતું. જયારે કિશન જતા જતા આજે તો પિતાજી આવતા બચી ગયો છે હવે તુ મળીશ તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી જતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

પ્રાંતિજ પાસે મહાદેવ પ્લાય ફેકટરીમાં લાગેલી આગ પર કાબુ મેળવ્યો

પ્રાંતિજ ટોલટેક્ષ પાસે મહાદેવ પ્લાય ફેકટરીમાં અચાનક ભીષણ આગ લાગી હતી. ત્યારે ગાંધીનગર ફાયર ટીમને કોલ મળતા સબ ફાયર ઓફિસર રાજેશ પટેલ ટીમ સાથે પહોંચી ગયા હતા અને કલાકો સુધી હજજારો લીટર પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. જયારે આ ભીષણ આગમાં લાખો રૂપીયાનું નુકશાન થવા પામ્યું છે. જયારે ફેકટરીમાં રહેલો સામાન મોટાભાગનો બળીને રાખ થઈ ગયો હતો.

પાલજ-પ્રાથમિક શાળામાં ચોપડાનું દાન આપવામાં આવ્યું

ગાંધીનગર, તા.૭

સરકારી પ્રાથમિક શાળા પાલજમાં આજરોજ વય નિવૃત થતા પટેલ દેવ્યાની બેન તરફથી નિવૃત્તિના વિદાય પ્રસંગે તેમજ ધોરણ ૮ ના વિદાય પ્રસંગે શાળામાં કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમાં પટેલ દેવ્યાની બેન આર.તરફથી દાનભેટનું સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું અને તેઓ શ્રી દ્વારા ધોરણ એક થી આઠ ના તમામ બાળકોને વિષય પ્રમાણે ચોપડાઓનું ભેટ દાન આપવામાં આવ્યું અને શાળાને માઈક સેટ આપવામાં આવ્યો તેમજ પ્રેરક પ્રવચન કરવામાં આવ્યું. આ પ્રસંગે શાળામાં એસએમસીના અધ્યક્ષ કૌશિકભાઈ તથા આચાર્ય હિતેશ પટેલ અને શિક્ષક-વાલી ગણ ઉપસ્થિત રહ્યા.

પેથાપુર ચરેડી વડ પાસે બે ફેરીયા પેપર વિતરક પર ધોકો લઈ તુટી પડ્યા

પેથાપુરની સોસાયટીમાં પેપર નાંખવા મુદ્દે સેકટર-૨૨માં બબાલ થઈ હતી

ગાંધીનગર, તા.૭

શહેરના સેકટર-૨૨ ખાતે સવારના સમયે પેથાપુરના બે ન્યુઝ પેપર વિતરકો વચ્ચે પેથાપુરની એક સોસાયટીમાં પેપર નાંખવા મુદ્દે બોલાચાલી થઈ હતી.

જેની અદાવત રાખી પેથાપુર ચરેડી વડ પાસે રાકેશ રાવળ હાથમાં ધોકો લઈ પેપર વિતરકને ફરી વળ્યો હતો.જયારે કપાળમાં ધોકો વાગતા ઈજા પહોંચતા લોહી નીકળતુ હતું. તેમ છતા દિપક રાવળે છુટા હાથની મારામારી કરી ગડદાપાટુનો માર માર્યો હતો. હવે તુ પેપરો નાંખવા મુદ્દે બોલીશ તો જાનથી મારી નાંખવાની ધમકી યુવકને આપતા પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર મોટી બજાર અંબિકાચોક ખાતે પેપર વિતરક પરિવાર સાથે રહે છે અને કુડાસણ ખાતે એકાઉન્ટન્ટ તરીકે અને સેકટર-૨૨ થી પેપરો લાવી પેથાપુર, જીઈબી ખાતે વહેલી સવારના પેપર વિતરણનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. આજે સવારે ચાર વાગે પપેર વિતરક સેકટર-૨૨ ખાતે પેપર લેવા માટે ગયો હતો. ત્યાં પેપરનું કામ કરી રહ્યા હતા તે સમયે પેથાપુરમાં પેપરનું વિતરણ કરતા રાકેશ રાવળ અને દિપક રાવળ તેની પાસે ગયા હતા.

મહાલક્ષ્મી શ્લોક સોસાયટી ખાતે ગ્રાહકનું પેપર નાંખતો નહી, જેથી એમ હું પેપર કેમ ના નાખું..? તેમ કહેતા રાવળ બંધુઓ ઉસ્કેરાઈ ગયા હતા અને ગાળાગાળી કરી જતા રહ્યા હતા.ત્યારબાદ પેપર વિતરક પેથાપુરની મંગલમૂર્તિ તેમજ સિધ્ધી વિનાયકમાં પેપર નાંખી જઈ રહ્યો હતો. તે સમયે ચરેડી વડ પાસે એકટીવા ઉભુ રખાવી રાકેશ રાવળ તેના હાથ રહેલો ધોકો લઈ ફરી વળતા શરીરે ઈજા પહોંચી હતી. જયારે દિપક રાવળ પણ છુટા હાથથી ગડદાપાટુનો માર મારતો હતો.જયારે બંન્ને ભાઈઓ કહેવા લાગ્યા કે હવે તુ પેપરો નાંખવા મુદ્દે અમારી સાથે બોલીશ તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી વાહન લઈ નાસી ગયા હતા. જયારે કપાળના ભાગે લોહી નીકળતુ હોવાથી વિતરકના ભાઈએ ૧૦૮ ને બોલાવી વિતરકને સારવાર માટે લઈ ગયો હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સેક્ટર-૪ ઓમકારેશ્વર મહાદેવ મંદિર ખાતે આરસીસી રોડનુ ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતુ. વોર્ડ નં. ૮ના કોર્પોરેટર આર.આર. પટેલના હસ્તે આ કામગીરીનો પ્રારંભ કરાયો હતો.

ચિલોડા કેપીટલ નર્સિંગ કોલેજ ખાતે વિશ્વઆરોગ્ય દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર,તા૦૭

તા.૭ એપ્રિલ ૨૦૨૩ શુક્રવારે વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી પ્રસંગે ચિલોડા મોટા સ્થિત કેપિટલ નર્સિંગ કોલેજ ખાતે જિલ્લા કાનુની સેવા સતા મંડળગાંધીનગર પીએલવી નટુભાઈ પટેલ અને કોલેજના સંયુક્ત ઉપકમે વિશ્વ આરોગ્ય દિવસ અને વિશ્વ અસ્થમા દિવસ નિમિત્તે કૉલેજ થી ચિલોડા ગામના મુખ્ય સોસાયટીમાં ગોકુલધામ એએફવી એરફોર્સ મુખ્ય ચોક અને બજાર ચિલોડા સર્કર્લ એમ ઉકિલોમીટર સુધી સ્લોગન બેનરો સહિત આરોગ્ય લક્ષી સૂત્રોચ્ચાર બોલાવી ૧૨૦ નર્સિંગ તાલીમાર્થી ભાઈ બહેનો ની અવેરનેસ ભવ્ય આકર્ષક આરોગ્ય લક્ષી રેલીમાં પ્રિન્સીપાલ રિતેશ જેઠી સરપંચ જયમિન ભાઈ પટેલ નટુભાઈ પટેલ આચાર્ય સુનિલ રાવલ દીપ રાવલ તથા સ્ટાફમિત્રો જોડાયા

ચિલોડા પોલીસ સ્ટેશનમાં વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૭

૭ એપ્રિલ એટલે વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી. શહેરમાં ઠેર ઠેર વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે આરોગ્ય અંગે જાગૃતિ લાવવાના પ્રયતનો થાય છે. વિશ્વ આરોગ્ય દિવસ અંતર્ગત ચિલોડા સ્થિત પોલીસ સ્ટેશનમાં હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરાયુ હતુ અને જાગૃતિ લાવવાના પ્રયત્નો હાથ ધરાયા હતા.

મહુન્દ્રા ગામ સરકારી એસટી બસની સુવિધાથી વંચિત

ચિલોડા,તા.૦૭

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામ ની નજીક આવેલું મહુન્દ્રા ગામમાં વિવિધ જ્ઞાતિ તથા વિવિધ સમાજ સમાજની ૪૨૦૦ વસ્તી ધરાવતું એકમાત્ર ગામ સરકારી એસટી બસ સુવિધાથી વંચિત ગામમાં માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળા ન હોવાથી ૫૦ વિદ્યાર્થીઓ મહુન્દ્રા થી ત્રણ કિલોમીટર દૂર આવેલું ઈસનપુર મોટા અને મહુન્દ્રાથી હાઈવે રોડ ઉપર આવેલું છાલા સ્કૂલમાં ૭૦ વિદ્યાર્થીઓ ખાનગી વાહનો કે અન્ય રીતે શિક્ષણ માટે આ શાળાઓમાં અપડાઉન કરે છે આમ મહુન્દ્રા ગામના સરપંચ શ્રી નરેન્દ્રસિંહ સોલંકી એ બસની સુવિધા અંગે અમદાવાદ દહેગામ તથા ગાંધીનગર વિભાગીય નિયામક શ્રી ની કચેરીમાં છ માસ પહેલા લેખીત રજૂઆત કરી હતી જેમાં એસટી બસની સુવિધા ની માંગ માં વિદ્યાર્થીઓને પડતી ભારે તકલીફો દૂર થાય તે માટે સવારે મહુન્દ્રાથી છાલાઅને ઈસનપુર મોટા ગામે ૧૦:૩૦ કલાકે તથા સાંજે ઈસનપુર મોટાથી એને છાલા થી પ:૧૫ કલાકે બસની સેવા ચાલુ કરવા તીવ્ર માંગ કરી છે પરિણામે વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી શકે અને કારકિર્દી ઘડી શકે તેવા ઉજળા સંજોગો નો લાભ લઈ શકે